પર્યુષણા પર્વમાં કે અન્ય અવસરે શ્રીસંઘને
અષ્ટમંગલના દર્શન કરાવતા ગાવા યોગ્ય
દુહા–અષ્ટક–ગીતોનો સુંદર સંગ્રહ

# અષ્ટમંગલ
# ગીતગુંજન

સંકલન : **મુનિ સૌમ્યરત્ન વિજય**

Shilp-Vidhi


શિલ્પવિધિ, 11, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા, અમદાવાદ-380005.
94265 85904 shilp.vidhi@gmail.com

પ્રસ્તુત પુસ્તિકા તથા ઓડિયો ગીત ઓનલાઈન મેળવો.
www.shilpvidhi.org

Shilp-Vidhi


# શિલ્પવિધિ પ્રકાશન

જૈનાગમ શાસ્ત્રો, પ્રકીર્ણકગ્રંથો, શિલ્પગ્રંથો,
વિધિગ્રંથો, કોશગ્રંથો, દિગંબર ગ્રંથો, અન્ય દર્શનીય
(વૈદિક-બૌદ્ધ)ગ્રંથો, જૈન સામયિકો, શોધ લેખો
આદિને આધારે ઉપલબ્ધ જૈન સાહિત્યમાં
સર્વપ્રથમવાર શાશ્વતસિદ્ધ અષ્ટમંગલોના પ્રત્યેક મંગલ
સંબંધિત વિસ્તૃત વર્ણનાત્મક શોધ નિબંધ સ્વરૂપ
શાસ્ત્રીય સંદર્ભ ગ્રંથ એટલે જ...




અષ્ટમંગલના માહાત્મ્યને ઉજાગર કરતી
સારસંક્ષેપ પુસ્તિકા એટલે જ...



# અષ્ટમંગલ દૂહા

અષ્ટમંગલ આલેખતાં તથા શ્રી સંઘને દર્શન કરાવતા
નીચેના દૂહા બોલી શકાય.

*** અષ્ટમંગલ**

મંગલ અષ્ટના દર્શને, સંઘનું મંગલ થાય;
વિઘ્ન ટળે કારજ સરે, શાશ્વત સુખ પમાય.

**૧. સ્વસ્તિક :**

ચાર ગતિ ચોગાનમાં, ચાર ધર્મનો સાથ;
સ્વસ્તિક્ના આલેખને, રિદ્ધિ સિદ્ધિ સવિ હાથ.

**૨. શ્રીવત્સ :**

લક્ષ્મીદેવીનો લાડકો, વક્ષમધ્ય સોહાય;
સુખ સમૃદ્ધિ કારકો, નામ શ્રીવત્સ કહાય.

**૩. નંદ્યાવર્ત :**

આનંદ મંગલ જેહથી, સીમાતીત પમાય;
ભવાવર્ત દૂરે કરે, નંદ્યાવર્ત સદાય.

**૪. વર્ધમાનક :**

વધે વધે નિત્યે વધે, પુણ્ય-યશ-અધિકાર;
વર્ધમાનક તેથી કહે, ધર્મવૃદ્ધિ દાતાર.

**૫. ભદ્રાસન :**

ભદ્રં ભદ્ર જે કરે, ભદ્રાસન મનોહાર;
દર્શનથી દુઃખડા હરે, આત્મરાજ્ય દેનાર.

**૬. પૂર્ણકળશ :**

અંતર્ઘટમાં જે ઠરે, મળશે મુક્તિની પાજ;
પૂર્ણકળશ પૂરણ કરે, ભૌતિક આત્મિક કાજ.

**૭. મીનયુગલ :**

જળ વિણ મીન રહે નહિ, તિમ પ્રભુ તુજ પ્રતિ પ્રીત;
મીનમંગલ આલેખતાં, મળો મુજ એ શુભ ચિત્ત.

**૮. દર્પણ :**

દર્પનાશ કરવા થકી, દર્પણ મંગલરૂપ;
નિર્મળદર્શનથી હુએ, આતમ દર્પણરૂપ.

* મંગલ અષ્ટને વર્ણવ્યા, સંઘના મંગલ કાજ;
પ્રેમ-ભાનુ-જય-હેમકૃપા, દેજો મુક્તિનું રાજ.

રચના : મુનિ સૌમ્યરત્ન વિજય

# અષ્ટમંગલ માહાત્મ્ય ઘોષણા

જે તે ઉચિત અવસરે સકળ શ્રી સંઘના મંગલ અર્થે પરમશ્રેષ્ઠ શાશ્વતસિદ્ધ મંગલ સ્વરૂપ અષ્ટમંગલનો માહાત્મ્યદર્શક નિમ્નોક્ત પાઠ સકળ શ્રી સંઘને સંભળાવી શકાય તથા તે પૂર્વે નીચે પ્રમાણે ભૂમિકા બાંધવી.

* જૈનાગમ ગ્રંથોને આધારે સ્વસ્તિક આદિ અષ્ટમંગલ શાશ્વત છે. જૈનાગમોમાં અનેક સ્થાનોએ તેના ઉલ્લેખો જોવા મળે છે. દેવલોકમાં સભાઓના દ્વાર પર, વિમાનોના તોરણોમાં તથા શાશ્વત જિનાલયોના દ્વાર પર પણ અષ્ટમંગલ હોય છે. ચક્રવર્તી ચક્રરત્નની પૂજા કરે ત્યારે તેની સમક્ષ અષ્ટમંગલ આલેખે છે. શ્રી મેઘકુમાર તથા જમાલીની દીક્ષાના વરઘોડામાં પણ આગળ અષ્ટમંગલો હોય છે. અન્યત્ર પણ ઘણે સ્થાને અષ્ટમંગલો હોવાના ઉલ્લેખો મળે છે.

* જૈનાગમોમાં આ અષ્ટમંગલની ૧૭-૧૭ વિશિષ્ટતાઓ દર્શાવી છે.

* પ્રભુ મહાવીર, શ્રી રાયપસેણઈય સૂત્રમાં શ્રી ગૌતમસ્વામી સમક્ષ આમલકલ્પા નામની નગરીનું વર્ણન કરી રહ્યા છે. આ નગરીની ઈશાન દિશામાં અનેક પ્રકારના વૃક્ષોથી ઘેરાયેલું એક વિશિષ્ટ સ્વરૂપવાળું અશોકવૃક્ષ છે. જેના ઉપર ઘણી બધી સંખ્યામાં પરમ શ્રેષ્ઠ દ્રવ્યમંગલ સ્વરૂપ અષ્ટમંગલો હોવા કહ્યા છે. અત્યંત વિશિષ્ટ શોભાસંપન્ન આ અષ્ટમંગલનો પાઠ શ્રી સંઘના મંગલ અર્થે અહીં શ્રવણ કરાવવામાં આવે છે.

* સકળ શ્રી સંઘ સાવધાન !

* 3 નવકાર

---

ટીપ્પણી : આઠે'ય મંગલોના ક્રમસર દર્શન કરાવ્યા બાદ, આઠે'ય મંગલના દર્શન કરાવવાના લાભાર્થીઓ એકસાથે આઠ મંગલ લઈને ઊભા રહે અને ત્યારે સકળ શ્રીસંઘ સમક્ષ અષ્ટમંગલ માહાત્મ્ય ઘોષણા કરી શકાય.

**: अष्टमंगल माहात्म्य घोषणा :**

**तस्स णं असोगवरपायवस्स उवरिं बहवे अट्ठट्ठमंगलगा पन्नत्ता, तंजहा-सोत्थिय-सिरिवच्छ-नंदियावत्त-वद्धमाणग-भद्दासण-कलस-मच्छ-दप्पणा सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया निम्मला निप्पंका निक्कंकडच्छाया सप्पभा समिरीया सउज्जोया पासादीया दरिसणिज्जा अभिरुवा पडिरुवा ।**

## અનુવાદ :

આ વિશિષ્ટ સ્વરૂપવાળા અશોકવૃક્ષની ઉપર અનેક સંખ્યામાં અષ્ટમંગલો છે, જે આ પ્રમાણેઃ (૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક, (૫) ભદ્રાસન, (૬) પૂર્ણકળશ, (૭) મીનયુગલ અને (૮) દર્પણ.

આ પ્રત્યેક અષ્ટમંગલો સર્વરત્નમય છે. આકાશ અને સ્ફટિકની જેમ અત્યંત સ્વચ્છ અને પારદર્શક છે. એકદમ મુલાયમ સ્પર્શવાળા પુદ્ગલોથી બનેલા અને એકદમ પોલીસ કરાયેલા હોય એવા કોમળ મૃદુ સ્પર્શવાળા છે. તેમાં સ્વાભાવિક તો કોઈ રજ-ધૂળ લાગી નથી, તેમજ ઉપરથી પણ કોઈ ધૂળ-ડમરી લાગેલી નથી. તેમાં કોઈ પણ ડાઘા-ડૂઘી નથી. અદ્ભુત કાંતિવાળા અને ચારેબાજુ તેજકિરણો ફેલાવતા એવા આ અષ્ટમંગલો પોતાની આજુ-બાજુની વસ્તુઓને પણ પ્રકાશિત કરનારા છે. આ અષ્ટમંગલો ચિત્તને સંતોષ આપનારા, મનને પ્રસન્ન કરનારા, વારંવાર દર્શન કરવા યોગ્ય દરેકને ગમી જાય એવા વિશિષ્ટ આકારવાળા છે.

આ અષ્ટમંગલના દર્શનથી... શ્રમણસંઘનું મંગલ હોજો...
ચતુર્વિધ સંઘનું મંગલ હોજો.... જૈન સંઘનું મંગલ હોજો...
વિશ્વમાત્રનું મંગલ હોજો... જય જય હોજો...મંગલ હોજો...

# અષ્ટમંગલ અષ્ટક

રચયિતા : પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.

૧ છે આઠ ઉત્તમ વસ્તુઓ આ વિશ્વમાં મંગલકરી,
સ્વસ્તિકને શ્રીવત્સ, નંદ્યાવર્ત ને વર્ધમાનરી;
ભદ્રાસનં શ્રી પૂર્ણકલશં મીનયુગલં દર્પણમ્,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.


૨. ઈન્દ્રાણીઓ પ્રભુ આગળે સોના-રૂપાના અક્ષતે,
આલેખતી આ આઠ મંગલ ભક્તિભાવે વર્ધતે;
આલેખનારા દ્રવ્યમંગલ ભાવંમગલને વરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૩. સ્વસ્તિક નામક પ્રથમ મંગલ શ્રેષ્ઠ મંગલ સર્વમાં,
જે ચાર ગતિના ભવભ્રમણને દૂર કરે પલવારમાં;
કલ્યાણને કરનાર આ સ્વસ્તિક ગુણરંગો ભરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૪. પ્રભુ આગળે શ્રીવત્સનું શુભ દ્વિતીય મંગળ શોભતું,
જિનવરતણા વક્ષસ્થળે છે સ્થાન જેનું ઓપતું;
શ્રીવત્સ રચનારા બને લક્ષ્મી અને લબ્ધીશ્વરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૫. સંસારના આવર્તનો, ના અંત દેખાતો મને,
દુઃખદાયી આવર્તો થકી શાંતિ મળે ક્યાંથી મને ?
આ તૃતીય નંદ્યાવર્ત સૌના સર્વ આવર્તો હરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૬. જે વર્ધમાનક નામનું ચોથું મહામંગલ કહ્યું,
સવિ રિદ્ધિ-સિદ્ધિ કીર્તિ કાંતિ વૃદ્ધિઓ કરતું રહ્યું,
આલેખતા અધ્યાત્મનો આનંદ મુજ વધતો રહો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.



૭. ભદ્રંકરં કલ્યાણકર ભદ્રાસનં મહામંગલમ્,
સ્થિરાસનં સુખાસનં સિદ્ધાસનં વરદં મતમ્;
ભદ્રાસનં આલેખનારા શાશ્વતાસનને વરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૮. જળથી ભરેલા પૂર્ણકળશા શુકન મંગલકારકા,
વિકટ સંકટ આફતો વિઘ્નોના વૃંદ વિદારકા;
આ કળશના મંગળ થકી સૌ મુક્તિનું મંગલ વરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૯. જે પ્રેમપૂર્ણ પ્રતિક સમં મહમંગલં મીનયુગલમ્,
સાતે ભયોને ટાળતું જે સપ્તમં શુભમંગલમ્;
સાથે રહો, રહો પ્રેમથી એ યુગલમંત્રને આદરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

૧૦.જોયા શરીર સૌંદર્યને મેં કાચના દર્પણ મહીં,
આત્મા તણા સૌંદર્યને શુભધ્યાન થી નિરખ્યું નહીં;
દર્પણતણું મંગલ કહે સૌ સહજ નિર્મળતા ધરો,
આ અષ્ટમંગલ વિશ્વના સૌ જીવનું મંગલ કરો.

કળશ :

ઈમ પુનિતપાવન મનવિભાવન અષ્ટમંગલ ગાવીયા,
ભક્તિભાવે ગાવતાં શુભમંગલો અવધારીયા;
સૂરિ પ્રેમ–ભુવનભાનુ–પદ્મ વિજય ગુરુ મન ભાવીયા,
સૂરિ હેમચંદ્ર પસાય સૌ કલ્યાણબોધિ પાવીયા.

# અષ્ટમંગલ વધામણા

## ૧. સ્વસ્તિક



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

મંગલ અષ્ટના દર્શને, સંઘનું મંગલ થાય;
વિઘ્ન ટળે-કારજ સરે, શાશ્વત સુખ પમાય.
ચાર ગતિ ચોગાનમાં, ચાર ધર્મનો સાથ;
સ્વસ્તિકના આલેખને, રિદ્ધિ-સિદ્ધિ સવિ હાથ.

**મંત્ર**

**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख-शांति-ऋद्धि-सिद्धि-समृद्धि-श्रेयोऽर्थं स्वस्तिकमंगलदर्शनमिति स्वाहा ।**

આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
સ્વસ્તિકને વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય;
સ્વસ્તિકને વધાવતાં, આનંદ આનંદ થાય.

સ્વસ્તિક (રાગ- સાથીયા પૂરાવો આજ...)

સ્વસ્તિકને વધાવો આજ, સહુ જીવોના મંગલ કાજ,
સુખ સૃમૃદ્ધિના સ્વામી બનીને, પામશો તમે મુક્તિનું રાજ,
જય જય મંગલ, સ્વસ્તિક મંગલ, જય જય મંગલ... ૧

યશ કીર્તિ જગમાં ફેલાશે, જીવાશે જીવન ઉલ્લાસે,
ભાવે સ્વસ્તિકને વધાવો, પ્રભાવ આ વિશ્વે ફેલાસે,
આવું મંગલ પામી આજ... વિશ્વમાં ભોગવશો રાજ...
સુખ સમૃદ્ધિના... જય જય મંગલ... ૨

ચાર પાંખડી સૂચવે એની, ચારગતિના ચોકમાંથી,
મુક્તિ નગરમાં પહોંચાડશે, સંસાર કારાવાસમાંથી,
આ મંગલનું એક જ કાજ, પહેરાવે આનંદ શિરતાજ,
સુખ સમૃદ્ધિના.... જય જય મંગલ...૩

ગીત રચના : મુનિ ધર્મચક્ર વિજય

## ૨. શ્રીવત્સ



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

લક્ષ્મીદેવીનો લાડકો, વક્ષમધ્ય સોહાય,
સુખ સમૃદ્ધિ કારકો, નામ શ્રીવત્સ કહાય.

**મંત્ર**

**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख–शांति–ऋद्धि–सिद्धि–समृद्धि–श्रेयोऽर्थं श्रीवत्समंगलदर्शनमिति स्वाहा ।**


આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
શ્રી વત્સ વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
શ્રીવત્સ વધાવતાં, આનંદ આનંદ થાય.

શ્રીવત્સ (રાગ : મહેંદી રંગ લાગ્યો....)


નિત્ય હોજો મંગલ જીવનમાં, ઘેર–ઘેર મંગલ માળ રે. મંગલ..
મંગલની શ્રેણી ચઢતા વરશો, મુક્તિની વરમાળ રે,
મંગલ જયકારી ૧


ઉત્તમ પુરુષના વક્ષ મધ્યે, શ્રીવત્સ સોહાય રે, મંગલ જયકારી,
ભાવે મંગલ વધાવતાં રે, મહિમા અપરંપાર રે,
મંગલ જયકારી ૨

ઐશ્વર્ય શોભા સંપત્તિ વધશે, ઉપજે સુખ અપાર રે, મંગલ જયકારી;
આંગણે સઘળી ઋદ્ધિ આળોટે, થાશે આનંદ આધાર રે,
મંગલ જયકારી ૩




મથુરા શ્રીવત્સ (પ્રાચીન)





(અર્વાચીન)

# ૩. નંદ્યાવર્ત



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

આનંદ મંગલ જેહથી, સીમાતીત પમાય,
ભવાવર્ત દૂરે કરે, નંદ્યાવર્ત સદાય.

**મંત્ર**

**ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમઃ। સકલશ્રીજૈનસંઘસ્ય સર્વતઃ સર્વદા સર્વપ્રકારેણ સુખ–શાંતિ–ઋદ્ધિ–સિદ્ધિ–સમૃદ્ધિ–શ્રેયોઽર્થં નંદ્યાવર્તમંગલદર્શનમિતિ સ્વાહા ।**


આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
નંદ્યાવર્ત વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
નંદ્યાવર્ત વધાવતાં, આનંદ આનંદ થાય.

નંદ્યાવર્ત (રાગ : મારા દાદાને દરબારે...)

જૈન શાસનમાં મંગલના ઢોલ વાગે છે, વાગે છે ઢોલ વાગે...
જુઓ નંદ્યાવર્ત કેવું સોહે છે,
નરનારીના મનડાં મોહે છે,
એ જોતાં નજર અવરોહે છે. જૈન શાસનમાં... ૧

એ લાંછન રૂપે બીરાજે છે,
અરનાથ પ્રભુ દેહે છાજે છે,
દર્શને આનંદ સુરાજે છે. જૈન શાસનમાં... ૨

એ અસીમ આનંદ આપે છે,
દુઃખ દોહગને એ કાપે છે,
નયનોમાં પ્રસન્નતા થાપે છે. જૈન શાસનમાં... ૩



નંદ્યાવર્ત
(અર્વાચીન)

## ૪. વર્ધમાનક



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

વધે વધે નિત્યે વધે, પુણ્ય–યશ–અધિકાર,
વર્ધમાનક તેથી કહે, ધર્મવૃદ્ધિ દાતાર.

**મંત્ર**


**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख–शांति–ऋद्धि–सिद्धि–समृद्धि–श्रेयोऽर्थं वर्धमानकमंगलदर्शनमिति स्वाहा ।**

આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
વર્ધમાનક વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
વર્ધમાનક વધાવતાં, આનંદ આનંદ થાય.

વર્ધમાનક (રાગ : અમે ગ્યાં'તા દેરે...)

મારે થઈ રે વૃદ્ધિ રે, શુદ્ધિની બુદ્ધિની સુખ સંપત્તિની,
દિન દિન પળ પળ થાયે પ્રગતિ,
વર્ધમાનક પ્રભાવે પ્રભાવે પ્રભાવે ૧

શાશ્વત પ્રતિમાની આગળ, ઉપકરણ રૂપે સોહાય,
આવા મંગલથી આજે, આનંદ મંગલ પમાય,
ઉછળતા ઉલ્લાસે કરો એનું સન્માન,
જીવનને મંગલમય બનાવે,
દિન દિન પળ પળ... ૨


## ૫. ભદ્રાસન



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

ભદ્રં ભદ્ર જે કરે, ભદ્રાસન મનોહાર,
દર્શનથી દુઃખડા હરે, આત્મરાજ્ય દેનાર


**મંત્ર**


**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख–शांति–ऋद्धि–सिद्धि–समृद्धि–श्रेयोऽर्थं भद्रासनमंगलदर्शनमिति स्वाहा ।**

આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
ભદ્રાસન વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
ભદ્રાસન વધાવતાં, આનંદ આનંદ થાય.

ભદ્રાસન (રાગ : સિદ્ધાચલ શિખરે...)

તમે વેગે વેગે આવજો રે, મંગલ અવસર માણવા રે.
કરજો હૈયાથી વધામણાં રે, મંગલ અવસર માણવા રે.
સહુના મંગલને કાજે રે, મંગલ... કેવું સુંદર ભદ્રાસન રાજે રે, મંગલ...
એ કલ્યાણને કરનારું રે, મંગલ... મુક્તિ સુખને દેનારું રે, મંગલ...
સૌભાગીજન તું આજે રે, મંગલ... દર્શનનો લ્હાવો લીજે રે, મંગલ...
પ્રાતિહાર્યમાં એ સોહે રે, મંગલ... નરનારીના મન મોહે રે, મંગલ...







# ૯. પૂર્ણકળશ

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

અંતર્ઘટમાં જે ઠરે, મળશે મુક્તિની પાજ,
પૂર્ણકળશ પૂરણ કરે, ભૌતિક આત્મિક કાજ.

**મંત્ર**

**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख-शांति-ऋद्धि-सिद्धि-समृद्धि-श्रेयोऽर्थं पूर्णकळशमंगलदर्शनमिति स्वाहा ।**


આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
પૂર્ણકળશ વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
પૂર્ણકળશ વધાવતાં, આનંદ આનંદ થાય.

પૂર્ણકળશ (રાગ : ઝગમગતા તારલાનું...)


ઝગમગતા રત્નો જડિત પૂર્ણકળશ કેવો,
સુવાસીત નિર્મળ જળ ભરેલો એવો,
એથી જીવનમાં આનંદ મંગલ હોજો. ૧

પ્રભુજીની માતા સ્વપ્ને, કળશને જુએ છે,
મલ્લિનાથ પ્રભુનું એ, લાંછન કેવું શોભે છે,
આવા મંગલથી શીતળતા મળજો. ૨

પ્રભુજીના અભિષેકમાં આ કળશ વપરાય છે,
લક્ષ્મીદેવીનો વાસ આ કળશ કહેવાય છે,
આવું મંગલ પરિપૂર્ણ ફળજો. ૩




# ૭. મીનયુગલ



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહો**

જળ વિણ મીન રહે નહિ, તિમ પ્રભુ તુજ પ્રતિ પ્રીત;
મીનમંગલ આલેખતાં, મળો મુજ એ શુભ ચિત્ત.

**મંત્ર**

**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख–शांति–ऋद्धि–सिद्धि–समृद्धि–श्रेयोऽर्थं मीनयुगलमंगलदर्शनमिति स्वाहा ।**


આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
મીનયુગલ વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
મીનયુગલ વધાવતાં, આનંદ આનંદ થાય.

મીનયુગલ (રાગ : ટીલડી રે મારા....)

નયનોમાં મારે મીનયુગલ રમતું,
મુજ મનડાને અતિશય ગમતું. નયનોમાં... ૧

દર્શનથી સૌના અંતર હરખાયે,
દુઃખ ને દોહગ દૂરે કરતું. નયનોમાં... ૨

આ મંગલ તમે ભાવે વધાવજો,
આનંદ મંગલ જીવનમાં ભરતું. નયનોમાં... ૩



મથુરા મીનયુગલ

## ૮. દર્પણ



નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

**દૂહા**

દર્પનાશ કરવા થકી, દર્પણ મંગલ રૂપ,
નિર્મળદર્શનથી હુએ, આતમ દર્પણ રૂપ.
મંગલ અષ્ટને વર્ણવ્યા, સંઘના મંગલ કાજ,
પ્રેમ-ભાનુ-જય-હેમ કૃપા, દેજો મુક્તિનું રાજ.

**મંત્ર**

**ॐ ह्रीँ श्रीँ अर्हं नमः। सकलश्रीजैनसंघस्य सर्वतः सर्वदा सर्वप्रकारेण सुख-शांति-ऋद्धि-सिद्धि-समृद्धि-श्रेयोऽर्थं दर्पणमंगलदर्शनमिति स्वाहा ।**

આનંદ આનંદ થાય, મંગલ મંગલ થાય,
દર્પણને વધાવતાં, આનંદ આનંદ થાય,
સંઘમાં મંગલ થાય, વિશ્વમાં મંગલ થાય,
દર્પણને વધાવતાં, આનંદ આનંદ થાય.

દર્પણ (રાગ : લેતા મારા પ્રભુજીનું...)

દર્પણને નજરે નિહાળી, જીવનમાં મંગલતા ભાળી.

દર્પણનું દર્શન શુકન મનાય રે,
કાર્યની સિદ્ધિ સદાય જીવનમાં... ૧

નિર્મળ જ્ઞાનનું પ્રતીક કહાય રે,
એથી નિર્મળતા પમાય. જીવનમાં... ૨

સૌભાગ્ય યશને શોભા સમૃદ્ધિ
વધતી વધતી જણાય. જીવનમાં... ૩

